પો. ઓ. બોક્સ નં.– 13
સી.ઓ. ફોન નં. : (02871) 234352
ઓફિસ ફોન નં. : (02871) 236018 (FAX : 231860)
પ્રેસીડેન્ટ ઓફિસ : (02871) 236815
URL : www.keshodnagarpalika.com : E-mail : municipality_ksd@yahoo.com

# કેશોદ નગરપાલિકા

## KESHOD MUNICIPALITY DIST-JUNAGADH

"SARDAR BHAVAN" SWAMI VIVEKANAND MARG, CHAR CHOWK, KESHOD-362 220 (GUJ) INDIA
"સરદાર ભવન" સ્વામી વિવેકાનંદ માર્ગ, કેશોદ – ૩૬૨૨૨૦. જીલ્લો : જુનાગઢ.

કેશોદ મ્યુ.જા.નં. 240 /૨૦૨૨-૨૩ તા.0૧ /0૬/૨૦૨૨

પ્રતિ,
પ્રેસ પ્રતિનિધિશ્રી / પ્રેસ રીપોર્ટરશ્રી,
................................ દૈનિક
કેશોદ

નગરપાલિકા કેશોદ જૂનાગઢ

વિષય :- કેશોદ નગરપાલિકામાં ફાયર સ્ટાફની ભરતી બાબત

જય ભારત સાથ જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા રાજયની જીલ્લા મથકની નગરપાલિકાઓમાં અદ્યતન સુવિધા સાથેનું જીલ્લા કક્ષાનું ફાયર સ્ટેશન બનાવવા માટે નકકી કરવામાં આવેલ હતું. જે મુજબ કેશોદ નગરપાલિકાને જુનાગઢ જીલ્લાની નગરપાલિકાઓમાંથી પસંદ કરવામાં આવેલ. આ જીલ્લા કક્ષાના ફાયર સ્ટેશન માટે સરકારશ્રી દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ મળી કુલ-૨૧ જગ્યાઓનું મહેકમ માળખું મંજુર કરવામાં આવેલ હતું.

આ મંજુર થયેલ ફાયર મહેકમ માળખાની ૧૯-ટેકનીકલ જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી તરફથી નકકી થયેલ ધારાધોરણ તેમજ ગાઇડલાઇન મુજબ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા બે દૈનિક પત્રોમાં જાહેરાત આપી યોગ્યતા અને લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ હતી.

આવેલ અરજીઓ પૈકી માગેલ લાયકાત મુજબ માન્ય થયેલ ઉમેદવારો માટે પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ ભાવનગરના તા.૨૭/૦૧/૨૦૨૧ ના પત્રથી થયેલ સુચના મુજબ કેશોદ નગરપાલિકાની ફાયર સ્ટાફની ભરતી માટેના ઉમેદવારોને શારીરીક કસોટી તા.૦૮/૦૨/૨૦૨૧ તથા ૧૦/૦૨/૨૦૨૧ ના રોજ ભાવનગર મહાનગરપાલિકાના સ્વીમીંગપુલ, નીલમ બાગ પાસે તથા સ્પોર્ટસ સંકુલ સીદસર ભાવનગર ખાતે રાખવામાં આવેલ. આ ઉમેદવારોની શારીરીક ક્ષમતાની ચકાસણી અને શારીરીક કસોટીની કાર્યવાહી પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ ભાવનગરના તા.૦૪/૦૨/૨૦૨૧ ના હુકમ મુજબ તેઓની કચેરીની દેખરેખ હેઠળ નગરપાલિકાઓ પાસે કરાવવાની સુચના થયેલ તથા આ અર્થે ઉકત કચેરી દ્વારા જરૂરી હુકમથી કર્મચારી/અધિકારીની ફાળવણી કરવામાં આવેલ. ઉકત હુકમથી નિયુકત કર્મચારી/અધિકારીની દેખરેખ નીચે શારીરીક કસોટીમાં ઉર્તિણ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા માટે સરકારશ્રીની કમિશ્નરશ્રી મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી ગાંધીનગરના તા.૧૭/૦૬/૨૦૨૧ ના પત્રની જોગવાઇ મુજબ નિયુકત સંસ્થા શ્રી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા મહેસાણા મુકામે લેખિત પરીક્ષા લેવામાં આવેલ હતી. આ ફાયર સ્ટાફની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાત/ઇન્ટરવ્યુ પ્રથા ન હતી.

શ્રી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા આયોજીત લેખિત પરીક્ષામાં ઉર્તિણ થયેલ ઉમેદવારો નિમણુંક માટે, મેરીટવાઇઝ પારદર્શક રીતે નગરપાલિકાની પસંદગી કરી શકે તે સારૂ પ્રાદેશિક

કમિશ્નરશ્રી નગરપાલિકાઓ ભાવનગરના તા.૦૩/૦૯/૨૦૨૧ ના પત્રથી થયેલસુચના મુજબ અમરેલી નગરપાલિકા ખાતે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ.

ઉકત વિકલ્પ મેળામાં કેશોદ નગરપાલિકાની ફાયર મહેકમની જગ્યાઓ પસંદ કરેલ ઉમેદવારોની યાદીની બહાલી નિયમાનુસાર પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ ભાવનગર પાસેથી મેળવવામાં આવેલ.

તેમજ નોન ટેકનીકલ સંવર્ગની નાયબ હિશાબનીશ-૧ તેમજ કલાર્ક-૧ મળી કુલ-૨ જગ્યાઓ માટે બે દૈનિકપત્રો જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવેલ છે. જેની લેખિત કસોટી આજદિન સુધી લેવાયેલ નથી.

આમ, કેશોદ નગરપાલિકા દ્વારા જીલ્લા કક્ષાના ફાયર સ્ટેશન માટે ફાયર સંવર્ગની ટેકનીકલ તથા નોન-ટેકનીકલ જગ્યાઓ ભરવા અંગેની પ્રક્રિયા સરકારશ્રીના ધારાધોરણ, ગાઇડલાઇન તેમજ નિયત થયેલ જોગવાઇ મુજબ પ્રાદેશિક કમિશ્નરશ્રી ભાવનગરની કચેરીની દેખરેખ હેઠળ કરવામાં આવેલ છે. વડી કચેરી દ્વારા નકકી થયેલ સ્થળે શારીરીક કસોટી તથા વડી કચેરી દ્વારા નિયુકત સંસ્થા શ્રી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા લેખિત કસોટી લેવામાં આવેલ છે. આ ભરતી પ્રક્રિયા સંપુર્ણ રીતે સરકારશ્રીની નકકી કરેલ ગાઇડલાઇન મુજબ પારદર્શક રીતે કરવામાં આવેલ છે.

છેલ્લા થોડા સમયથી વિવિધ માધ્યમો દ્વારા કેશોદ નગરપાલિકાની ફાયર મહેકમની ભરતી અંગે પ્રસિધ્ધ થતા નકારાત્મક અહેવાલોથી નગરપાલિકાની છબી ખરડાઇ છે. ઉકત અહેવાલોમાં રજુ થયેલ આક્ષેપો પાયાવિહોણા અને સત્યથી પર છે. નગરપાલિકાના ફાયર મહેકમની ભરતીની પ્રક્રિયા નિયમાનુસાર, સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ અને પારદર્શક રીતે થયેલ હોય, ઉપર મુજબની વિગતોથી વિવિધ માધ્યમોને આ સાથે લેખિત સ્પષ્ટતા કરવામાં આવે છે. જેની આપના માધ્યમથી બહોળી પ્રસિધ્ધ થવા વિનંતી છે.

ચીફ ઓફિસર
નગરપાલિકા કેશોદ

પ્રમુખ
નગરપાલિકા કેશોદ

નકલ રવાના :-

(૧) શ્રી અશોકભાઇ છગનભાઇ વણપરીયા, પ્રમુખશ્રી, કેશોદ શહેર કોંગ્રેસ સમિતિ, કેશોદ
આપના તા.૨૪/૦૫/૨૦૨૨ ના આવેદનપત્ર અન્વયે

(૨) કેશોદ નગરપાલિકા કચેરીના નોટીસ બોર્ડ ઉપર બહોળી પ્રસિધ્ધિ અર્થે.

(૩) કેશોદ નગરપાલિકા સંચાલિત લાયબ્રેરીના નોટીસ બોર્ડ ઉપર બહોળી પ્રસિધ્ધિ અર્થે.

(૪) કેશોદ નગરપાલિકાની વેબસાઇટ ઉપર બહોળી પ્રસિધ્ધિ અર્થે.